# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/02/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે NCCને માત્ર સંસ્થા નહિ, પણ એકતા અને અનુશાસન સાથેની આદર્શ જીવનશૈલી શીખવતી પાઠશાળા ગણાવી.**
2. **રાજ્યપાલ અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વમાં એક ઉચ્ચ પ્રતિનિધિમંડળે કોલંબોમાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોના પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ભાગ લીધો.**
3. **રાજ્યના પોલીસ વડા ડૉ રાવે જણાવ્યું કે , સમાજમાંથી ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે સરકાર અને પોલીસ તંત્ર કટિબદ્ધ.**
4. **ઐતિહાસિક નગર પાટણના એક હજાર 281માં સ્થાપના દિવસની આજે વિવિધ કાર્યક્રમો દ્વારા ભવ્ય ઉજવણી.**
5. **ક્રિકેટમાં, ભારતે T20 વિશ્વ કપની ત્રીજી મેચમાં અમેરિકાને 29 રનથી હરાવ્યું.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# GUJARAT NCC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે NCC માત્ર સંસ્થા નહિ, પણ એકતા અને અનુશાસન સાથેની આદર્શ જીવનશૈલી શીખવતી પાઠશાળા ગણાવી છે.

શ્રી પટેલ ગાંધીનગર ખાતે લોકભવનમાં આયોજિત નવી દિલ્હી ખાતે યોજાયેલા પ્રજાસત્તાક દિવસ પરેડ RDC કેમ્પમાં રાજ્યનું સફળતાપૂર્વક પ્રતિનિધિત્વ કરનારા NCC કેડેટ્સના સન્માન અને એટ હોમ કાર્યક્રમમાં યુવાનોને સંબોધન કરી રહયા હતા.

## બાઇટ – ભૂપેન્દ્ર પટેલ

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે 9 કેડેટ્સને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એનાયત કરાયા, 'કેડેટ જર્નલ-2026'નું વિમોચન તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન માટે NCC રાજકોટને ઇન્ટર ગ્રુપ ચેમ્પિયનશિપ બેનર અર્પણ કરાયું હતું.

રાજ્યના NCC કેડેટ્સે રિપબ્લિક ડે, કર્તવ્ય પથ પર પરેડ, ગાર્ડ ઓફ ઓનર, પ્રધાનમંત્રી રેલી અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રાજ્યનું નામ ઉજાગર કર્યું છે.

---

# SRI LANKA BUDDHA RELICS

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે કોલંબોમાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોના પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ચોથી ફેબ્રુઆરીએ ભારતથી લાવવામાં આવેલા અવશેષો હાલમાં ગંગારામયા મંદિરમાં પ્રદર્શિત છે.

પ્રતિનિધિમંડળે શ્રીલંકાના પ્રધાનમંત્રી ડૉ. હરિની અમરસુરિયા સાથે મુલાકાત કરી  અવશેષોનું ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ તેમનો આભાર માન્યો. ભારતીય પ્રતિનિધિમંડળે શ્રીલંકાના વિદેશમંત્રી વિજયા હેરાથ  , ઉદ્યોગમંત્રી સુનીલ હંડુનેથી અને બુદ્ધ શાસન મંત્રી ડૉ. હિનિદુમા સુનીલ સેનેવી સાથે પણ મુલાકાત કરી. આ મુલાકાત આર્થિક, સાંસ્કૃતિક અને પર્યટન ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચાઓ કેન્દ્રિત હતી.

પ્રતિનિધિમંડળે શ્રીલંકામાં ગુજરાતી સમુદાય સાથે વાતચીત કરી અને આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ કન્ફેડરેશન દ્વારા આયોજિત "ફ્રેન્ડ્સ ઓફ  I.B.C. રિયુનિયન" માં ભાગ લીધો. આવતા અઠવાડિયે મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ અને અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી ચોવના મેઈનના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ પ્રદર્શન પૂર્ણ કરવા અને અવશેષોને ભારત પાછા લાવવા માટે શ્રીલંકાની મુલાકાત લેશે.

---

## MANSUKH MANDAVIYA - JUNAGADH

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાએ જૂનાગઢના કેશોદ ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ મોડલ ફાયર સ્ટેશનની મુલાકાત લીધી. તેમણે અત્યાધુનિક અગ્નિશમન સાધનોનું નિરીક્ષણ અને કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે આપત્તિ સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપવા આ આધુનિક ફાયર સ્ટેશનની મહત્વપૂર્ણ ભૂમિકા બની રહેશે, તેવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી માંડવિયાએ માંગરોળ તાલુકાના શીલ ગામે સેવા સેતુ કાર્યક્રમમાં ભાગ લઈ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહર્ત કર્યું હતું.

---

## ZONAL OFFICE OF THE ANTI-NARCOTICS TASK FORCE

રાજ્યના પોલીસ મહાનિર્દેશક ડૉ. કે.એલ.એન. રાવના હસ્તે વડોદરામાં એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ ANTFની ઝોનલ કચેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ અત્યાધુનિક કચેરી વડોદરા શહેર અને ઝોનમાં નશાની દૂષણકારી પ્રવૃત્તિઓ પર કડક નજર રાખશે.

આ પ્રસંગે ડૉ રાવે જણાવ્યું હતું કે સમાજમાંથી ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે સરકાર અને પોલીસ તંત્ર કટિબદ્ધ છે. રાજ્ય સ્તરે રચાયેલી એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ હાલ છ ઝોનમાં કાર્યરત છે, જેમાં વડોદરા ઝોન અત્યંત મહત્વપૂર્ણ છે.

**(બાઈટ : ડૉ. કે.એલ.એન. રાવ, પોલીસ મહાનિર્દેશક)**

પોલીસ મહાનિર્દેશકશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે , ડ્રગ્સના દૂષણને નિયંત્રિત કરવા માટે કાયદાકીય કાર્યવાહી સાથે જનજાગૃતિ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે. આગામી સમયમાં શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ , યુવાનો અને નાગરિકોને નશાની અસરો વિશે જાગૃત કરવા વિશેષ કાર્યક્રમો યોજાશે. નશાની જાળમાં ફસાયેલા નાગરિકોને બહાર લાવવા ઉપરાંત મહિલાઓ અને બાળકો માટે અલાયદા પુનર્વસન કેન્દ્રો સ્થાપવા માટે પણ સરકાર સક્રિય પ્રયાસો કરી રહી હોવાનું શ્રી રાવે ઉમેર્યું હતું.

---

# BUDGET

રાજકોટમાં બજેટ અંગે મહિલા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી રીવાબા જાડેજાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

(બાઈટ : મંત્રી રીવાબા જાડેજા)

---

# BHAVNATH MELO- BUS SUVIDHA

રાજ્ય માર્ગ વાહન વ્યવહર વિભાગ જુનાગઢ બસ સ્ટેશનથી ભવનાથ મહાશિવરાત્રિ મેળા સુધી 85 મીની બસ દોડાવશે. 11મી તારીખથી વાઘેશ્વર ખાતે ઉભા કરેલા બસ સ્ટોપ સુધી આ બસ સેવા શરૂ કરશે. જેમાં ટીકીટનો દર 25 રૂપિયા રહેશે.

ઉપરાંત બહારથી જૂનાગઢ આવતા યાત્રિકો માટે પણ જૂનાગઢ એસટી વિભાગે વધારાની બસનુ સંચાલન કર્યું છે. જેમાં રાજકોટ , અમદાવાદ, સુરત, અમરેલી ભાવનગર, સહિતના વિસ્તારમાંથી જૂનાગઢ આવવા માટે વધારાની બસ મેળા દરમિયાન ચલાવાશે.

---

# PATAN STHAPANA DIVAS

પ્રાચીન રાજધાનીના શહેર અને ઐતિહાસિક નગર પાટણનો આજે એક હજાર 281મો સ્થાપના દિવસ છે. વિક્રમ સંવત 802ની મહાવદ સાતમે વનરાજ ચાવડા દ્વારા અણહિલવાડ પાટણની સ્થાપના કરવામાં આવી હતી.

આ ગૌરવશાળી ઇતિહાસને જીવંત રાખવા આજે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

આજે બપોરે ત્રણ વાગ્યે પાટણના નગરદેવી કાલિકા માતાના મંદિરે મહાઆરતી બાદ પરંપરાગત શોભાયાત્રા નીકળશે. મહારાજા સિદ્ધરાજ જયસિંહ અને વનરાજ ચાવડાના તેલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાશે.

શોભાયાત્રાના સમાપન બાદ સાંજે શહેરના બગવાડા દરવાજા ખાતે ઇતિહાસને ઉજાગર કરતા પ્રવચનો , મેવાસી નૃત્યો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ ઉપરાંત રાણકીવાવ મહોત્સવ અંતર્ગત નામાંકિત કલાકારોના કાર્યક્રમો પણ યોજાશે.

---

## AMRELI VIJ VITRAN

અમરેલીના બગસરા તાલુકામાં સુડાવડ ગામના સીમ વિસ્તારમાં 15 પરિવારોને પ્રથમવાર વીજળી મળી છે. આ પરિવારો છેલ્લા 40 વર્ષથી અંધકારમાં જીવન ગુજારી રહ્યા હતા. દસ્તાવેજોની ગૂંચવણ અને વહીવટી અવરોધોને કારણે આ વસાહતમાં વીજળી પહોંચી શકી ન હતી.

રાજ્યમંત્રી કૌશિક વેકરિયા અને સ્થાનિક સરપંચના પ્રયાસોને કારણે આ વિસ્તારમાં વીજ વિતરણ શરૂ થયું છે આ અંગે શ્રી વેકરીયાએ જણાવ્યું કે , જ્યોતિગ્રામ યોજના હેઠળ સામાન્ય લોકો સુધી લાભ પહોંચાડવાનો સરકાર ઉદ્દેશ્ય છે.

---

# INDIA-US TRADE DEAL

જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રાદેશિક અધ્યક્ષ જયંતિ સાવલિયાએ ભારત અમેરિકા વેપાર કરાર અંગે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે આ વેપાર કરાર રત્નો અને ઝવેરાતના સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે.

રત્નો અને ઝવેરાતની સો ટકા નિકાસમાંથી , 31 ટકા અમેરિકામાં થઈ , જે ટોચના દશમાં અમારું સૌથી મોટું બજાર બનાવે છે.

(બાઈટ : જયંતિ સાવલિયા, જેમ્સ એન્ડ જ્વેલરી)

---

# INDIA VS US T20 CRICKET RESULT

પુરુષ ક્રિકેટમાં, ભારતે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી T20 વિશ્વ કપની ત્રીજી મેચમાં અમેરિકાને 29 રનથી હરાવ્યું. ભારતે આપેલા 162 રનના લક્ષ્યનો પીછો કરતા, અમેરિકાની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 132 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો. ભારત તરફથી મોહમ્મદ સિરાજે 3 જ્યારે અર્શદીપ સિંહે 2 વિકેટ લીધી હતી.ભારત તરફથી 49 બોલમાં અણનમ 84 રનનું યોગદાન આપનાર કપ્તાન સુર્યકુમાર યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આજે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ન્યુઝીલેન્ડ- અફઘાનિસ્તાન સામે અને મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ઇંગ્લેન્ડ - નેપાળ સામે ટકરાશે. જ્યારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે શ્રીલંકા અને આયર્લેન્ડ વચ્ચે મેચ રમાશે.

---